**Gujarat Chamber of Commerce & Industry**

ગુજરાત વેપારી મહામંડળ ૧૯૪૯ થી કાર્યરત

Natubhai Patel
President

Hemant N. Shah
Sr. Vice President

K. I. Patel
Vice President

Pathik S. Patwari
Hon. Secretary

V. P. Vaishnav
Hon. Secretary (R)

Sachin K. Patel
Hon. Treasurer

૨૮ નવેમ્બર, ૨૦૨૦/16680

**શ્રી એમ. કે. દાસ, (IAS)**
અધિક મુખ્ય સચિવશ્રી
ઉદ્યોગ અને ખાણ વિભાગ
ગુજરાત રાજ્ય
ગાંધીનગર.

મહાશય,

**વિષયઃ ગુજરાત ઔદ્યોગિક નીતિ-૨૦૧૫ અંતર્ગત ઔદ્યોગિક એકમોને મળતા SGST કન્સેશનના લાભ લેવા માટેની સમય મર્યાદા લંબાવવા બાબત.**

ગુજરાત ઔદ્યોગિક નીતિ-૨૦૧૫ અંતર્ગતની **Scheme for Incentives to Industries (General)** ના **GR No.INC-102015-645918-I** તા. ૨૫-૭-૨૦૧૬ અંતર્ગત ઔદ્યોગિક એકમોને **SGST** કન્સેશનનો લાભ મળવાપાત્ર છે અને એ પરિપત્ર ૫ વર્ષ સુધી એટલે કે તા. ૨૫-૭-૨૦૨૧ સુધી અમલમાં રહેવાનો હતો પરંતુ આ દરમ્યાન નવી ઔદ્યોગિક નીતિ-૨૦૨૦ નું અમલીકરણ થયું અને આ નવી ઔદ્યોગિક નીતિમાં જીએસટી કન્સેશનનો સમાવેશ થતો નથી.

તા.૫-૧૧-૨૦૨૦ના રોજ કરવામાં આવેલ ઠરાવ મુજબ જે ઔદ્યોગિક એકમ આ સ્કીમ અંતર્ગત રજીસ્ટ્રેશન કરાવી શક્યા નથી અથવા પ્રોવીઝનલ સર્ટિફીકેટ મળેલ છે પરંતુ ફાયનલ એલીજીબીલીટી સર્ટિફીકેટ મેળવવાનું બાકી રહ્યું છે તેવા એકમોને પરિપત્રની તારીખથી ૧૨૦ દિવસની અંદર અરજી કરવી ફરજીયાત છે. આ પરિપત્રમાં જણાવ્યા મુબ તા. ૨૫-૭-૨૦૧૬ ના જુના પરિપત્ર પ્રમાણેની સમય મર્યાદાઓ ધ્યાનમાં લેવામાં આવશે નહીં તેવી સ્પષ્ટતા કરવામાં આવેલ છે.

અમારું માનવું છે કે આ ૧૨૦ દિવસની સમય મર્યાદા એકમો માટે ખુબ ઓછી છે કારણ કે અરજી તૈયાર કરવા માટે ઘણો સમય જાય છે અને વર્તમાન COVID-19 ના સમયમાં તે વધુ મુશ્કેલ છે. વધુમાં જો જુની ઔદ્યોગિક નીતિની સમય મર્યાદા રાખવામાં આવી હોત તો ૨૫ જુલાઇ, ૨૦૨૧ સુધીનો સમય તેમને મળવાપાત્ર હતો જે હવે માત્ર ૧૨૦ દિવસનો જ રહ્યો છે તેથી ઘણા એકમોએ તેમનું પ્લાનીંગ તા. ૨૦-૭-૨૦૨૧ પ્રમાણે કરેલ છે.

હાલની COVID-19 ની પરિસ્થિતિને ખાસ ધ્યાનમાં રાખી આ ૧૨૦ દિવસની સમય મર્યાદાને બદલે અગાઉના તા. ૨૫-૭-૨૦૧૬ના પરિપત્રની સમય મર્યાદાને ધ્યાને લેવી જોઇએ. એટલે કે ઔદ્યોગિક એકમોને અરજી કરવા માટે ૧૨૦ દિવસના બદલે તા. ૨૫-૭-૨૦૨૧ સુધીનો સમય આપવા વિનંતી છે.

આ અંગે આપશ્રી ત્વરિત સકારાત્મક નિર્ણય લેશો તેવી આશા સહ,

**આપનો વિશ્વાસુ,**

**યોગેન્દ્ર ત્રિવેદી**
**સેક્રેટરી જનરલ**

**નકલ રવાના :**
**શ્રી ડૉ. રાહુલ ગુપ્તા, IAS,** *માનનીય ઉદ્યોગ કમિશ્નરશ્રી,* ઉદ્યોગ કમિશ્નરશ્રીની કચેરી, બ્લોક નં. ૧, બીજા માળે, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.